નં.ડીએમ/**Biparjoy**/વાવાઝોડુ/૨૦૨૩
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી, જામનગર.
તા.૧૦/૦૬/૨૦૨૩

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયેનું જાહેરનામું

હાલમાં પૂર્વ મધ્ય અરબ સાગરમાં ચક્રવાતી **"Biparjoy"** વાવાઝોડુ ઉદ્ભભવેલ છે. જે આગામી સમય દરમિયાન ચક્રવાતી તોફાનમાં વધુ તીવ્ર બને તેવી શક્યતા છે. જેના લીધે જામનગર જિલ્લા સહિત સૌરાષ્ટ્રના દરિયાકાંઠે ખુબ ઝડપી અને ભારે વરસાદ સાથે પવન ફુંકાવાની તથા ઉંચા દરીયાઈ મોજાઓ ઉછળવાની પ્રબળ શક્યતા હોય, આ સમય જામનગર જિલ્લાના દરિયાકિનારાના વિસ્તારમાં ભારે વરસાદ ચક્રવાત અને હાઈટાઇડ ભરતીના મોજાથી જાનમાલને નુકશાન થતું અટકાવવા માટે આગમચેતીના પગલારૂપે જિલ્લાના દરિયાઈ કિનારાના વિસ્તારમાં વ્યકિતોની અવર-જવર તથા પશુઓને લઈ જવા પર પ્રતિબંધ મુકવાનું અત્યંત જરૂરી જણાય છે.

જેથી હું, **ભાવેશ એન. ખેર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર જિલ્લો**, ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, **જામનગર જિલ્લામાં આવેલ દરિયાઈ કિનારાના વિસ્તારોમાં કોઈપણ વ્યકિઓની પ્રવેશ/અવર-જવર તથા પશુઓને લઈ જવા પર પ્રતિબંધ ફરમાવું છું.**

-:અપવાદ:-

ઈમરજન્સી સેવામાં રોકાયેલ એમ્બ્યુલન્સ, સરકારી ફરજ પર હોય તેવા અધિકારીશ્રીઓ/ કર્મચારીઓને તથા ફાયર સર્વિસને લાગુ પડશે નથી.

આ જાહેરનામું તા.૧૧/૦૬/૨૦૨૩ ના ૦૦:૦૦ કલાકથી તા.૧૬/૦૬/૨૦૨૩ ના સવારના ૦૬.૦૦ કલાક સુધી માટે અમલમાં રહેશે.

આ જાહેરનામાંનો ભંગ કરનાર વ્યકિત ભારતિય દંડ સંહિતા-૧૮૬૦ (૪૫ માં અધિનિયમ) ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાંના ભંગ કરનાર ઈસમો વિરુધ્ધ પગલા લેવા માટે થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ (૪૫ અધિનિયમ)ની કલમ -૧૮૮ અન્વયે ફરિયાદ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાંની પ્રસિધ્ધી જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનોમાં તથા પોલીસ અધિક્ષકશ્રીની કચેરીમાં નોટીસ બોર્ડ ઉપર ચોંટાડી પોલીસ અધિક્ષકશ્રી અથવા તેઓએ અધિકૃત કરેલ અધિકારીશ્રીઓએ સહેલાઈથી દેખાય આવે તેવી જગ્યાએ તેની નકલ ચોંટાડીને કરવી તથા સ્થાનિક વર્તમાન પત્રો દ્વારા તેની જાહેરાત કરાવીને આ જાહેરનામું પ્રસિધ્ધ કરવું.

આજ **તા.૧૦ માહે જુન-૨૦૨૩** ના રોજ મારી સહી કરી તથા કચેરીના મહોર લગાવી જાહેરનામું બહાર પાડવામાં આવ્યુ.

(ભાવેશ એન. ખેર)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

નકલ રવાના :-

૧. પોલીસ અધિક્ષકશ્રી, જામનગર.

...આપની કચેરીના નોટીસ બોર્ડ ઉપર તથા તમામ પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરાવી તે અંગેના રોજકામની નકલો આપના દફતરે રાખવા સારું તથા જાહેરનામાની અમલવારી કરાવવા સારૂ.

૨. કમિશ્નરશ્રી, જામનગર મહાનગર પાલિકા, જામનગર.

૩. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જામનગર.

૪. સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, જામનગર(શહેર/ગ્રામ્ય)/ધ્રોલ/લાલપુર

૫. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, (મુખ્ય મથક/ શહેર/ ગ્રામ્ય)

૬. મામલતદારશ્રી,
જામનગર(શહેર/ગ્રામ્ય)/કાલાવડ/ધ્રોલ/જોડીયા/લાલપુર/જામજોધપુર.

૭. નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર (૨ નકલો સાથે)

...સ્થાનિક વર્તમાનપત્રોમાં સમાચારરૂપે બહોળી પ્રસિધ્ધી અપાવવા વિનંતી સહ.

૮. મામલતદારશ્રી,ડીઝાસ્ટર મેનેજમેન્ટ સેલ, જામનગર

૯. મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ.

...ઉકત જાહેરનામાંની ૨(બે) નકલો આ સહ સામેલ છે જેને અસાધારણ રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી ગેઝેટની ૫(પાંચ) નકલો અત્રેને મોકલી આપવા વિનંતી સહ.

૧૦. શાખાધ્યક્ષશ્રી, રેકર્ડ શાખા, કચેરીમાં

...ઉકત જાહેરનામાંના ગેઝેટની નકલ કચેરીમાં મળ્યે તાત્કાલીક મેજિસ્ટ્રીયલ શાખામાં પહોંચતી કરવા સારું.

૧૧. સિલેકટ ફાઈલે

નકલ સવિનય રવાના :-

૧. પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, જામનગર.

૨. ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટશ્રી, જામનગર.